# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૨/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

**મિડીયા સેલ**

ભાજપ–સુરત મહાનગર

- **આ વખતે આપણે સર્જીકલ સ્ટ્રાઈક કરવાની છે, દુશ્મનના ઘરમાં ઘુસીને પ્રહાર કરીએ : શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા.**
- **૧૬૮–ચોર્યાસી મત વિસ્તારનો 'અવિરત વિકાસ' એ જ મારો મુખ્ય ધ્યેય : શ્રીમતી ઝંખનાબેન પટેલ.**
- **૧૬૮–ચોર્યાસી વિધાનસભાના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો શુભારંભ.**



# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

---

ભારતીય જનતા પાર્ટી, ૧૬૮–ચોર્યાસી વિધાનસભાના લોકપ્રિય ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન વેસુ વી.આઈ.પી. રોડ સ્થિત વ્હાઈટ હાઉસ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું. શ્રીમતી ઝંખનાબેન પટેલે જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીનો ફરી તક આપવા બદલ હું આભાર માનું છું. ઝંખનાબેને જણાવ્યું હતું કે, ફરી એકવાર મને ચોર્યાસી મત વિસ્તારનો વિકાસ કરવાનો મોકો મળ્યો છે તે બદલ હું નસીબદાર છું. ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારનો ‘અવિરત વિકાસ’ એ જ મારો મુખ્ય ધ્યેય છે.

શહેર ભાજપ અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું હતું કે, મિત્રો આપણે ઝંખનાબેનને ભારી મતોથી જીતાડવાના છે. આ વખતે આપણે સર્જીકલ સ્ટ્રાઈક કરવાની છે. દુશ્મનના ઘરમાં ઘુસીને પ્રહાર કરવાનો છે. આપણી પાર્ટી રાષ્ટ્રવાદમાં માનનારી પાર્ટી છે. આપણે સૌ સાથે મળીને અને રાષ્ટ્રવાદને સાથે લઈને ચાલીએ.

આ પ્રસંગે શહેર ભાજપ અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા અને શ્રી કિશોરભાઈ બિંદલ, મુંબઈ મહાનગરના અધ્યક્ષ શ્રી આશિષજી શેલાર, ઉપાધ્યક્ષ શ્રી પી.વી.એસ. શર્મા, શ્રી ધીરૂભાઈ સવાણી, શ્રી બકુલભાઈ ભટ્ટ, કોષાધ્યક્ષ શ્રી ગુણવંતભાઈ પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ, સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાજેશભાઈ દેસાઈ, શહેર મંત્રી શ્રી ચેતનભાઈ પટેલ, જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી સંદિપભાઈ દેસાઈ, કોળી સમાજના પ્રમુખ શ્રી હિતેશભાઈ પટેલ, હનુમાનજી મંદિરના મહંત શ્રી સ્વામી વિજયાનંદજી મહારાજ, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.



